eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 196
September 11, 2009

## નોર્થઝોન (કતારગામ) ની કામગીરી

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા. ૦૭–૦૯–૨૦૦૯ નાં રોજ કરવામાં આવેલ "ડીમોલીશન" ની વિગત નીચે પ્રમાણે છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ચોમાસા દરમ્યાન પ્રતિ સપ્તાહ સુરત મહાનગરપાલિકા દ્વારા આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન

ચોમાસા દરમ્યાન પ્રતિ સપ્તાહ સુરત મહાનગરપાલિકા દ્વારા આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. જે મુજબ તા. ૦૫/૦૯/૨૦૦૯ ના રોજ ગાંધી ઘર, ભીમપોર, સુરત ખાતે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ રાખવામાં આવ્યો હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાની બિલ્ડીંગ પ્લાન એપ્રુવલ સીસ્ટમનું લોન્ચીંગ

તા. ૯–૯–૨૦૦૯ ને બુધવારનાં રોજ સુરત મહાનગરપાલિકાની બિલ્ડીંગ પ્લાન એપ્રુવલ સીસ્ટમનું લોન્ચીંગ માન.મેયરશ્રીના વરદ હસ્તે સરદાર વલ્લભભાઈ પટેલ સભાખંડ ખાતે કરવામાં આવેલ છે. તેની સાથે જ એફોર્ડેબલ હાઉસીંગ બનાવવામાં પબ્લીક સેકટર પાર્ટનરશીપ કઈ રીતે ઉપયોગી થઈ શકે તે વિષય ઉપર એક વર્કશોપનું આયોજન કરવામાં આવેલ હતુ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## માહે ઓગષ્ટ ૨૦૦૯–૧૦ દરમ્યાન સ્મીમેર હોસ્પિટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પિટલમાં જુલાઈ માસ દરમ્યાન ૪૦૮૯ ઈન્ડોર તથા ૪૨૫૬૫ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામા આવી હતી. નાના ૨૧૨ તથા ૫૬૦ મોટા ઓપરેશનો હાથ ધરવામા આવ્યા હતા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## A High-level delegation from Ethiopia Visited SMC

A High-level delegation from the Ethiopia visited Surat on their study tour to India. The delegation consisted of Mayor of Somali, Mayor of Gambela, city officials and members of ICMA Ethiopia and ICMA India. At Surat, the team visited the sanitary landfill site at Khajod along with 400 MT capacity solid waste to energy plant. They also visited Door to Door garbage collection in Athwa Zone ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થઝોન (કતારગામ) ની કામગીરી

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા. ૦૭–૦૯–૨૦૦૯ નાં રોજ કરવામાં આવેલ "ડીમોલીશન" ની વિગત નીચે પ્રમાણે છે.

નવા સમાવિષ્ટ વિસ્તારનાં ડ્રાફટ ટી.પી. સ્કીમ નં. ૨૩ (કોસાડ), ફાઈનલ પ્લોટ નં. ૬૮ માં આવેલ કૃષ્ણનગર સોસાયટીના બંગલા ન. ૧ અને ૨ નાં બીજામાળે બનાવવામાં આવેલ ગેરકાયદેસર આર.સી.સી. સ્લેબનું આશરે ૬૧૫ ચો.ફુટ બાંધકામ દુર કરવામાં આવેલ છે.

TOP

## ચોમાસા દરમ્યાન પ્રતિ સપ્તાહ સુરત મહાનગરપાલિકા દ્વારા આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન

ચોમાસા દરમ્યાન પ્રતિ સપ્તાહ સુરત મહાનગરપાલિકા દ્વારા આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. જે મુજબ તા. ૦૫/૦૯/૨૦૦૯ ના રોજ ગાંધી ઘર, ભીમપોર, સુરત ખાતે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ રાખવામાં આવ્યો હતો.

આ પ્રસંગે શાસક પક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલ, રૂગ્ણાલય અને તંદુરસ્તી વર્ધક સમિતિના અધ્યક્ષા શ્રીમતી રંજનબેન સરતાનપુરા, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતિ સ્વાતિબેન ભટ્ટ, મ્યુનિ.સદસ્યા શ્રીમતિ સુચિત્રાબેન પટેલ, શ્રીમતિ કૌશિકાબેન દેશાઈ, મ્યુનિ.સદસ્યશ્રી રાજુભાઈ પટેલ, શ્રી.વિવેકભાઈ પટેલ, આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે. કમિશનર(હેલ્થ એન્ડ હોસ્પી.)ડો.હેમંત દેસાઈ, અઠવા ઝોનના ઝોનલ ચીફ શ્રી.પી.જે.ઝાલા, નાયબ આરોગ્ય અધિકારી ડો.કલ્પેશ ખત્રી, ડો.આશિષ નાયક, મેડીકલ ઓફીસર(કું.ક.)ડો.અરૂણાબેન પટેલ, સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત, પનાસ /અલથાણ શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસર તથા અન્ય અધિકારી/કર્મચારીઓ હાજર રહયા હતા.

આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશનરશ્રી(હેલ્થ એન્ડ હોસ્પીટલ)ડો હેમંત દેસાઈએ કાર્યક્રમ સંબઘી જાણકારી આપી હાજર રહેલ આમંત્રિતો તથા લાભાર્થીઓનું સ્વાગત કર્યુ હતુ. પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે," સામાન્ય રીતે ચોમાસા દરમ્યાન પાણી જન્ય / પાણી સંલગ્ન રોગોનું પ્રમાણ વધુ રહે છે જેથી મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ તથા આરોગ્યલક્ષી પ્રદર્શન યોજી તેમાં વિના મૂલ્યે નિદાન / સારવાર આપવામાં આવે છે." યોજવામાં આવેલ આરોગ્ય લક્ષી પ્રદર્શન નિહાળી પાણી જન્ય / પાણી સંલગ્ન તથા અન્ય રોગો થવાના કારણો તથા તેના ઉપાયો અંગેની સમજ મેળવી તેનો અમલ નાગરિકો કરશે તો રોગ–ચાળાનું પ્રમાણ ઘટાડી શકાશે.

અઠવા ઝોનના ઝોનલ ચીફશ્રી.પી.જે.ઝાલાએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે,સુરત મહાનગરપાલિકા તરફથી શહેરમાં સમાવિષ્ટ નવા વિસ્તારના રહીશોને વિના મૂલ્યે આરોગ્ય નિદાન/સારવારનો લાભ મળી રહે તે માટે આવા મેડીકલ કેમ્પનું તથા આરોગ્યલક્ષી પ્રદર્શનનું આયોજન કરવામાં આવે છે.પ્રદર્શનમાં વિવિધ રોગોની જાણકારી તથા અટકાયત અંગે આરોગ્ય શિક્ષણ આપવામાં આવે છે જેનો નાગરિકો દ્વારા અમલ કરવામાં આવે તો રોગચાળાનું પ્રમાણ ઘટાડી શકાય તેમ છે.

રૂગ્ણાલય અને તંદુરસ્તી વર્ધક સમિતિના અધ્યક્ષા શ્રીમતિ રંજનબેન સરતાનપુરાએ પ્રાસંગિક પ્રવચનમાં, સુરત શહેરને રોગ મુકત બનાવવા મહાનગરપાલિકા તરફથી આવા કેમ્પો યોજવામાં આવે છે તે સરાહનીય છે તેમ જણાવી નાગરિકોને સ્વચ્છતા પરત્વે વધુ સજાગ થવા તથા રોગચાળો ન થાય તે માટે કાળજી રાખવા જણાવ્યુ હતુ.

શાસક પક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતુ કે,સુરત મહાનગરપાલિકા શહેરીજનોની સુખાકારી માટે જાગૃત છે જેથી દરેક ઝોનમાં વિના મૂલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ યોજવામાં આવે છે તથા તેમાં નિષ્ણાંત ડોકટરો મારફતે નિદાન કરી સારવાર આપવામાં આવે છે જેથી મેડીકલ કેમ્પનો લાભ લેવા આરોગ્યલક્ષી સુચનાનો અમલ કરી લોકોમાં જનજાગૃતિ કેળવવા સૂચન કર્યુ હતુ.

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી. મેડીકલ કેમ્પનો ભીમપોર તથા આજુ બાજુ વિસ્તારના–૪૨૭ લાભાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં આંખના નિષ્ણાત દ્વારા–૧૨૯, ચામડીના નિષ્ણાત દ્વારા–૯૮, સ્ત્રીરોગ નિષ્ણાત દ્વારા–૩૩,બાળરોગ નિષ્ણાત દ્વારા –૨૭, ફિઝીશયન દ્વારા –૭૧, સર્જન દ્વારા–૪૨, મેડીકલ ઓફીસર દ્વારા–૨૭ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. લેબ. ટેકનીશીયન દ્વારા –૧૨ તાવના દર્દીઓના લોહીના નમુના લેવામા આવ્યા હતા.૧૧૨–ઓ.આર.એસ.પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. ૧૦૯–દર્દીઓને વિશીષ્ટ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ, નવી સીવીલ હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે રોગ અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા જાણકારી આપી ૧૯૦૦–પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ –૮૦, ઓરલ પીલ્સ–૪૮– પેકેટ, ૧૪૦૦–આયર્ન ફોલીક એસીડ ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.રસીકરણ વિભાગ દ્વારા –૧૮ બાળકોને ડીપીટી,પોલીયો અને ઓરીની રસી આપવામાં આવી હતી તથા –૧૫૦૦ કલોરીન ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુ.કમિશ્નર કુ.એસ.અપર્ણાના આદેશાનુસાર આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશ્નર(હેલ્થ એન્ડ હોસ્પિ.)દ્વારા કરવામાં આવ્યું હતુ.

TOP

## સુરત મહાનગરપાલિકાની બિલ્ડીંગ પ્લાન એપ્રુવલ સીસ્ટમનું લોન્ચીંગ

તા. ૯–૯–૨૦૦૯ ને બુધવારનાં રોજ સુરત મહાનગરપાલિકાની બિલ્ડીંગ પ્લાન એપ્રુવલ સીસ્ટમનું લોન્ચીંગ માન.મેયરશ્રીના વરદ હસ્તે સરદાર વલ્લભભાઈ પટેલ સભાખંડ ખાતે કરવામાં આવેલ છે. તેની સાથે જ એફોર્ડેબલ હાઉસીંગ બનાવવામાં પબ્લીક સેકટર પાર્ટનરશીપ કઈ રીતે ઉપયોગી થઈ શકે તે વિષય ઉપર એક વર્કશોપનું આયોજન કરવામાં આવેલ હતુ. વર્કશોપમાં સુરત શહેરના બિલ્ડર/ આર્કિટેકટ /એન્જીનીયરો/ સ્કેટ તથા એસ.વી.એન.આઈ.ટી.ના પ્રતિનિધિઓ તથા સ્કેટના આર્કિટેકચરલ ફેકલ્ટીના વિધાર્થીઓએ ભાગ લીધો હતો.

ડાયરેકટર ઓફ પ્લાનીંગશ્રી જે.એમ.પટેલે આવકાર પ્રવચન કરીને તથા આમંત્રિતોનું સ્વાગત કરીને કાર્યક્રમની શરૂઆત કરી હતી.

સમારંભના પ્રમુખ માન.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાળાએ દિપ પ્રગટાવીને સમારંભનો શુભારંભ કરાવ્યો હતો.

મા.કમિશનરશ્રીએ પ્રેઝન્ટેશન કરીને બિલ્ડર્સ/ ડેવલપર્સને એફોર્ડેબલ હાઉસીંગ વિષે વિસ્તારપુર્વક સમજ આપેલ હતી તથા કેન્દ્ર સરકારનાં હાઉસીંગ એન્ડ અર્બન પ્રોપર્ટી એલીવીએશન મંત્રાલયનાં એફોર્ડેબલ હાઉસીંગ ઈન પાર્ટનરશીપની સ્કીમ અંગેની પ્રસિધ્ધ કરેલ માર્ગદર્શિકાઓ અંગે સમજ આપેલ હતી.

ટી.પી.સ્કીમ નં.૩ (રૂંઢ) ના ફા. પ્લોટ નં. ૫૫,૫૬ તથા ૫૮ વાળી જમીનોમાં હાઈરાઈઝ બિલ્ડીંગોનાં બાંધકામની વિકાસ પરવાનગીની અરજીને માન.મેયરશ્રીના વરદ હસ્તે સીસ્ટમમાં ઈમ્પોર્ટ કરીને બિલ્ડીંગ પ્લાન એપ્રુવલ સીસ્ટમનું વિધિવત લોંચીગ કરવામાં આવેલ હતુ. ત્યારબાદ આ જ અરજીનું સીસ્ટમ મારફતે પ્રોસેસ કરીને ફીઝ/ ડીપોઝીટ જનરેશન, સ્ક્રુટીની રીપોર્ટ જનરેશન તથા કવેરી લેટર જનરેટ કરીને પ્રોસેસનું પ્રત્યક્ષ નિદર્શન કરવામાં આવેલ હતુ. તેની સાથે જ સંપૂર્ણ રીતે  કોમ્પ્લાય કરેલ વિકાસ પરવાનગીની અરજીઓની મંજુરીની સમગ્ર પ્રોસેસનું પણ નિદર્શન કરવામાં આવેલ. જેમાં ફીઝ/ ડીપોઝીટ જનરેશન તથા ડેવલપમેન્ટ પરમીસન લેટરનું જનરેશન કરવામાં આવેલ હતુ.

ત્યારબાદ મુંબઈ સ્થિત એન.જી.ઓ. મોનીટર ગૃપ – ઈન્ડીયાનાં સી.ઈ.ઓ. ડૉ.આશિષ કરમચંદાણીએ એફોર્ડેબલ હાઉસીંગ અંગે ઓડીયો વિઝયુઅલ પ્રેઝન્ટેશન કરેલ હતુ. જેમાં અન્ય શહેરોમાં  આ પ્રકારનાં બની રહેલ હાઉસીંગ પ્રોજેકટોની વિગતો ફોટોગ્રાફસ સહિત રજુ કરી હતી.

મુંબઈ સ્થિત માઈક્રો હાઉસીંગ ફાયનાન્સ કોર્પોરેશન લિ.ના ડાયરેકટર શ્રી રજનીશ  ધાલે આ પ્રકારનાં હાઉસીંગ સેકટરમાં પ્રાઈવેટ ફાયનાન્સ કંપનીઓ કઈ રીતે ફાયનાન્સ કરી શકશે તે અંગે પ્રેઝન્ટેશન કરીને સમજ આપેલ હતી.

એફોર્ડેબલ હાઉસીંગ વિષય  ઉપર વર્કશોપમાં ભાગ લેનાર ડેવલપર્સ/બિલ્ડરો પૈકી શ્રી તરૂણ રાવલ, શ્રી સુકેન શાહે સુચનો કર્યા હતા. વધુમાં, એસ.વી.એન.આઈ.ટી.નાં સીવીલ વિભાગનાં પ્રો. ડો.કટ્ટી તથા એપ્લાઈડ મીકેનીકસ વિભાગનાં હેડ ઓફ ડીપાર્ટમેન્ટ ડો.અતુલ દેસાઈએ પણ ઉપયોગી સુચનો કરેલ હતા. આર્કિટેકટ એન્ડ એન્જીનીયર્સ એસોસીએશન તરફે શ્રી ભરત પટેલ, શ્રી સંજય જોષી તથા શ્રી રવિ સોપારીવાલાએ ઉપયોગી સુચનો કરેલ હતા. સ્કેટના ફેકલ્ટી મેમ્બર્સ લીના ગર્ગ તથા ભાવના વીમાવાળાએ પણ ઈ.ડબલ્યુ.એસ. હાઉસીંગ માટે કેટલીક સ્પષ્ટતાઓ કરી હતી.

ઉપરોકત સુચનો પરત્વે માન.કમિશનરશ્રીએ યોગ્ય પ્રતિભાવ પાઠવ્યો હતો.

માન. મેયરશ્રીએ સુરત મહાનગરપાલિકાએ લોંચ કરેલ બીલ્ડીંગ પ્લાન એપ્રુવલ સીસ્ટમનો યોગ્ય રીતે ઉપયોગ કરીને સફળ કરવા માટે આર્કીટેકટ/એન્જીનીયરોને અનુરોધ કરેલ હતો. તેની સાથે જ ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને વ્યાજબી કિંમતે મકાનો ઉપલબ્ધ થઈ શકે તેની દિશામાં પ્રયત્નો કરવા શહેરના બીલ્ડરોને અનુરોધ કરેલ હતો.

સમારંભના પ્રમુખ સ્થાને માન.મેયરશ્રી, અતિથિવિશેષ તરીકે માન.અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિ, માન.અધ્યક્ષશ્રી ટી.પી.કમિટી તથા માન.નેતાશ્રી, વિરોધ પક્ષ ઉપસ્થિત રહેલ હતા. સાથોસાથ અન્ય સમિતિઓના અધ્યક્ષશ્રીઓએ પણ સમગ્ર કાર્યક્રમમાં હાજરી આપી હતી.

ટાઉન પ્લાનરશ્રી રાજેશ પંડયાએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરીને, અંતમાં આભાર વિધી કરેલ હતી.

**Continue …**

**બિલ્ડીંગ પ્લાન એપ્રુવલ સીસ્ટમ**

(૧) તૈયાર કરવામાં આવેલ એપ્લીકેશન્સઃ—

(I) બિલ્ડીંગ પ્લાન એપ્રુવલ પ્રોસેસ

(II) સ્ટેજવાઈઝ પ્રોગ્રેસ સર્ટીફીકેટ પ્રોસેસ

(III) બી.યુ.સી. પ્રોસેસ

(IV) આર્કીટેકટ/એન્જીનીયરો/સ્ટ્રકચરલ ડીઝાઈનર/સાઈટ સુપરવાઈઝર/ ડેવલપરનાં રજીસ્ટ્રેશન તથા રીન્યુઅલ

(૨) લાક્ષણિકતાઓ (ફીચર્સ):—

(I) રજીસ્ટર્ડ આર્કીટેકટ/એન્જીનીયરો ધ્વારા બાંધકામની વિકાસ પરવાનગીની અરજીઓનું લેકટ્રોનીક ફાઈલ ફોર્મેટમાં સબમીશન.

(II) વિકાસ નિયંત્રણ નિયમોની એપ્લીકેબીલીટી સીસ્ટમ મારફતે નકકી થશે.

(III) બીલ્ડીંગ પ્લાન તથા ડોકયુમેન્ટોના ડેટાની સ્ક્રુટીની સીસ્ટમ મારફતે થઈને ડીટેઈલ્ડ સ્ક્રુટીની રીપોર્ટનું જનરેશન

(IV) વિકાસ પરવાનગીની અરજી સંબંધે જે તે વિભાગોનાં અભિપ્રાયોની જરૂરીયાત સીસ્ટમ મારફતે નકકી થશે.

(V) કયા પ્રકારની ફી/ડીપોઝીટ વસુલ લેવાની છે તેના સહિત જે તે ફી /ડીપોઝીટની ગણતરી સીસ્ટમ મારફતે થશે.

(VI) અરજદારો સાથેના પત્રવ્યવહાર તથા રજાચિઠ્ઠીનું જનરેશન સીસ્ટમ મારફતે થશે.

(VII) પ્રોપર્ટી ટેક્ષ એસેસમેન્ટને લગતા ડેટાનું જનરેશન.

(VIII) મોનીટરીંગ સીસ્ટમ

(૩) ફાયદાઓ :—

(I) સ્ક્રુટીની પ્રોસેસના સમયમાં નોંધપાત્ર ઘટાડો.

(II) સ્ક્રુટીની પ્રોસેસમાં મેન્યુઅલ એરરના અવકાશનો ઘટાડો.

(III) સમગ્ર પ્રોસેસની પારદર્શિતામાં વધારો.

(IV) અસરકારક મોનીટરીંગ સીસ્ટમ.

(V) સ્ટેજવાઈઝ ડેટા મેનેજમેન્ટ

(૪) ફયુચર સ્કોપઃ—

(I) જરૂરી ફી/ડીપોઝીટના પેમેન્ટ સહિત ફાઈલનું ઓનલાઈન સબમીશન

(II) ડીજીટલ ફાઈલ વેરીફીકેશન.

(III) બિલ્ડીંગ પ્લાનોની ઓટો સ્ક્રુટીની.

(IV) સંબંધિત વિભાગોના અભિપ્રાયો માટે જરૂરી લીંક.

(V) પેપરલેસ વર્ક ફલો.

(VI) જી.આઈ.એસ. બેઈઝડ પ્રોપર્ટી ટેક્ષ સીસ્ટમ સાથે લીંક.

TOP

## માહે ઓગષ્ટ ૨૦૦૯–૧૦ દરમ્યાન સ્મીમેર હોસ્પિટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પિટલમાં જુલાઈ માસ દરમ્યાન ૪૦૮૯ ઈન્ડોર તથા ૪૨૫૬૫ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામા આવી હતી. નાના ૨૧૨ તથા ૫૬૦ મોટા ઓપરેશનો હાથ ધરવામા આવ્યા હતા. ૬૭૬૫ એક્ષ–રે પાડવામા આવ્યા હતા. ટી.બી.ના નવા ૩૨૮ અને જુના ૩૨૭ દર્દીઓ સહિત કુલ ૬૫૫ દર્દીઓને તપાસવામા આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૫૬૦ દર્દીઓને સારવાર આપવામા આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૯૨૬ તથા આંખ વિભાગમાં ૨૪૯૦ આઉટડોર દર્દીઓનું નિરીક્ષણ કરવામા આવ્યું હતું. ગરીબ તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૧૨૫૬૩ દર્દીઓનું નિરીક્ષણ કરવામા આવ્યું હતું. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

## A High-level delegation from Ethiopia Visited SMC

A High-level delegation from the Ethiopia visited Surat on their study tour to India. The delegation consisted of Mayor of Somali, Mayor of Gambela, city officials and members of ICMA Ethiopia and ICMA India. At Surat, the team visited the sanitary landfill site at Khajod along with 400 MT capacity solid waste to energy plant. They also visited Door to Door garbage collection in Athwa Zone. They were highly impressed at grand Indoor Stadium and the informative and multi-functional City Civic Centre at Chaupati.

SMC also provided Urban Community center at where they were informed about the details regarding the activities carried by Urban Community development and job-oriented training for urban poor under UMEED project. They were also highly impressed to see the large-scale housing project for Urban poor at Kosad along with the social infrastructure like Aanganwadi, Vegetable market, School, Community hall, Assistant Commissioner Finance apprised the members regarding the finance, tax revenue collection, budgeting, unit area method of property tax and user charges etc.

In the evening a meeting with Surat Mayor, Standing Committee Chairman, Leader of Ruling Party along with Municipal Commissioner and divisional heads was organized. Municipal Commissioner, S. Aparna welcomed the delegates and introduced them to the progress made by Surat and the role of Municipal Corporation in the all round development of city. Honourable Mayor, Shri Ranjitbhai Gilitwala and Standing Committee Chairman, Shri Mukesh Dalal welcomed the visiting Mayors with the bouquet and memento. The team leaders appreciated the all round development of the city as well as the efforts made by the city administration and expressed their admiration for the philosophy of Mahatma Gandhi and the social and cultural ethos in Surat. The visit was organized and facilitated by ICMA Gujarat.

**TOP**